## આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે "One Day Training On Organic Farming Crop Production-Individual & I.C.S Formation in Third Party Certification" ની તાલીમ સંપન્ન

### પ્રેસ નોટ

ગુજરાત ઓર્ગેનીક પ્રોડક્ટ્સ સર્ટીફીકેશન એજન્સી (GOPCA), અમદાવાદ દ્વારા ઓર્ગેનીક સર્ટીફીકેશનની કામગીરી માટે નિમણુક પામેલ અધિકારી/કર્મચારીઓને NPOP અંતર્ગત ગુજરાત ઓર્ગેનીક પ્રોડક્ટ્સ સર્ટીફીકેશન એજન્સી (GOPCA), ગુજરાત ઓર્ગેનિક કૃષિ યુનિવર્સિટી, સજીવ ખેતી સેલ, કૃષિભવન, ગાંધીનગર અને આણંદ કૃષિ યુનિવર્સિટીના સંકલનમાં રહી આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે "ઓર્ગેનીક સર્ટીફીકેશન (NPOP થર્ડ પાર્ટી સર્ટીફીકેશન) અંતર્ગત સજીવ ખેતી (વ્યક્તિગત) અને I.C.S" વિષય પર એક દિવસીય ઓનલાઇન તાલીમનું આયોજન તા. ૨૯.૦૬.૨૦૨૦ના રોજ યાજ્ઞવલ્કય હોલ, યુનિવર્સિટી ભવન, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે કરવામાં આવેલ હતું. સદર તાલીમ કાર્યક્રમના અધ્યક્ષ તરીકે ડો. બી. આર. શાહ, માન. કુલપતિશ્રી, ગુજરાત ઓર્ગેનિક કૃષિ યુનિવર્સિટી, મુખ્ય મહેમાન તરીકે ડો. આર. વી. વ્યાસ, માન. કુલપતિશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી ઉપસ્થિત રહેલ હતા. તદઉપરાંત શ્રી. એમ. કે. કુરેશી, નિયામકશ્રી, ગોપકા, ડો. વી. પી. રામાણી, સહ સંશોધન નિયામકશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી અને ડો. પી. એમ પટેલ, સહ પ્રાધ્યાપક અને સભ્ય સચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટીની ઉપસ્થિત રહીને માર્ગદર્શન પુરું પાડેલ. તાલીમ કાર્યક્રમના ઉદઘાટન સમારોહમાં ડો. પી. એમ પટેલ, સહ પ્રાધ્યાપકશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટીની સર્વેનુ હાર્દીક સ્વાગત કર્યા બાદ મહાનુભાવો દ્વારા પ્રાસંગીક ઉદબોધન કરવામાં આવેલ. ડો. આર. વી. વ્યાસ, માન. કુલપતિશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા હાલની બદલાતી જતી આબોહવાકીય પરીસ્થીતીમાં સજીવ ખેતીના મહત્વ અને સજીવ ખેતીથી ખેડૂતોનુ જીવન ધોરણ સુધારવા ઉપરભાર આપીને વધુમાં વધુ ખેડૂતો સજીવ ખેતી તરફ વડે તે માટે નક્કર પગલા લેવાનુ સૂચન કરવામાં આવેલ હતુ. ડો. બી. આર. શાહ, કુલપતિશ્રી, ગુજરાત ઓર્ગેનીક કૃષિ યુનિવર્સિટી દ્વારા સજીવ ખેતી કરતા ખેડૂતોને ઓર્ગેનીક સર્ટીફીકેશન માટેની પ્રક્રીયાની માહીતી તથા NPOP થર્ડ પાર્ટી સર્ટીફીકેશન અંગેની માહીતી આપવામાં આવેલ હતી.

સદર તાલીમ કાર્યક્રમમાં ડો. વી. પી. રામાણી, સહ સંશોધન નિયામકશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા સજીવ ખેતીમાં સેન્દ્રિય ખાતર નું મહત્વ અંગે સમજ આપવામાં આવેલ તથા સજીવ ખેતીમાં વાપરવામાં આવતા સેન્દ્રિય ખાતરોની ગુણવત્તા જાળવવા તથા આવા સેન્દ્રિય ખાતરોની બનાવટમાં વાપરવામાં આવતા કૃષિ અવશેષોના રાસાયણિક પૃથ્થકરણ ઉપર ભાર અપવામાં આવેલ હતો. શ્રી. ઉદય ખેરાત, સીનર્જી કન્સલટન્ટ, મુંબઇ દ્વારા ઓર્ગેનીક સર્ટીફીકેશન અને ICS વિષય પર સચોટ માહિતી આપવામાં આવેલ. ICS ઓર્ગેનીક સર્ટીફીકેશન ને લગતા તલસ્પર્શી મુદ્દાઓની બારીકાઈપૂર્વક છણાવટ તથા ICS ઓર્ગેનીક સર્ટીફીકેશન માટે દરેક પગલે રાખવી જોઈતી કાળજી અને ઉપસ્થિત થતા પ્રશ્નો અંગે યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું. શ્રી. એમ. કે. કુરેશી, નિયામકશ્રી, ગુજરાત ઓર્ગેનીક પ્રોડક્ટ્સ સર્ટીફીકેશન એજન્સી (GOPCA), દ્વારા ગોપકા ની માહિતી આપી તથા GOPCA ની કામગીરી ને સચોટ રીતે આગળ વધારવા માટે જરૂરી પગલા અંગેની માહીતી આપવામાં આવી. વધુમાં ડો. વસીમ શેખ દ્વારા ઓર્ગેનીક સર્ટીફીકેશનથી માહિતગાર કર્યા. ડો. કે. ડી. પરમાર, આસીસટન્ટ રેસીડ્યુ એનાલીસ્ટ, પેસ્ટીસાઇડ રેસીડ્યુ લેબોરેટરી, આણંદ દ્વારા સજીવ ખેતીથી પકવેલ પ્રોડક્ટ્સમાં આવતા જંતુનાશક અવશેષોનું પૃથ્થકરણ અંગેની તાંત્રિક માહીતી આપી ત્યારબાદ પેસ્ટીસાઇડ રેસીડ્યુ લેબોરેટરીની મુલાકાત તાલીમાર્થીઓ દ્વારા કરાવવામાં આવી તદઉપરાંત પેસ્ટીસાઇડ રેસીડ્યુ થી ઓર્ગેનીક પ્રોડ્ક્ટ્સ ના એક્ષપોર્ટ મા ઉપસ્થીત થતા પ્રશ્નો અને તેના નિવારણ અંગેની માહીતી આપવામાં આવી. અંતમાં ડો. પી. એમ. પટેલ, સહ પ્રાધ્યાપકશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટીની દ્વારા મહાનુભાવો તથા તાલીમાર્થીઓનો આભાર માન્યો.

# <u>કાર્યક્રમની ઝાંખી</u>
















